४५५७

ॐ

तत् सत् परमात्मने नमः

बालबोधमाला.

મુંબઈ,
"નિર્ણયસાગર" છાપખાનામાં છાપી છે.

૪૫૬૭

॥ ॐ ॥

॥ सद्गुरुः प्रसन्नोऽस्तु ॥

॥ बालबोधमाला ॥

शार्दूलविक्रीडितम्.

જાચું છું તુજને પ્રભુ વિનયથી, હેતુ અહો માહરો,
થાતી આ કલિકાલ-દુષ્ટ-વાંચ્છા, તે ચિત્તથી પરહરો;
કે થૈએ તત્પર અમો વરતવા, એકાગ્ર ચિત્તે થયી,
લેને દીલવિષે સનાતન-સદા-ધર્મે પ્રવૃત્તિ કરી. ૧

બોધપાઠ ૧ લો.

અરે! બાલકો તમે એકજ માતપિતાના ભાંડુઓ છો તેથી એકજરૂપ છો જુદા નથી. તેથી ભાઇ અને બેનની સાથે હળીમળીને સંપથી ચાલો, તેમની સાથે ખાવાપીવા પેહેરવા ઓઢવાસારૂ કદી ટંટા કરતા નહીં. વળી તેનાં સુખ અને દુઃખ એ બેઉમાં સમાન ભાગ લેજો એટલે તેમને સુખ થયાથી તમે સુખી સમજો અને તેમને દુઃખ થયાથી તમે દુઃખી

સમજજો. તેમની સાથે મીઠાં વચનથી બોલવાની સદા ટેવ રાખજો. કદાપી તે ભૂલથી તમને કડવું વચન કહે તોપણ તેની ભૂલ જાણી તેને શાંત વચનથી સુધારવાને પ્રયત્ન કરવો. માબાપની નિત્ય સેવા કરી તેમના કહ્યાપ્રમાણે ચાલજો. સદા સાચું બોલવાની ટેવ રાખજો. જુઠું બોલનારા અને ટંટો કરનારા છોકરાંની સોબત કરવાની ટેવ રાખતા નહીં. મીઠું અને ગળ્યું રોજ ખાવાથી શરીર સારૂં રેહેતું નથી તેથી તેવી ટેવ પાળવા નહીં. મૂલ્યવાન લૂગડાં ઘરેણાં પેહેરી આનંદ પામતાં નહીં, પણ સત્ય વિદ્યા અને નિતીવાન્ થવાની ઇચ્છા સદા રાખજો.

બોધપાઠ ૨ જો.

નિત્ય રાત્રે વેહેલા સૂઇ સવારનાં સૂર્ય ઉદય પહેલાં ઉઠવાની ટેવ રાખજો. પથારીમાં આળોટવાની ટેવ રાખતા નહીં. ઉઠી ઝાહાડે જઈ તાજા જંજેટા (અપામાર્ગ) અથવા તાજા લીંબડાના દાતણથી દાંત ઘસી ઉલ ઉતારી મોહોડું ધોઈ સ્વચ્છ રાખજો. ઝાહાડે જઈ આવ્યા પછી માટી લઈ હાથ પગ ધોહુવાની ટેવ રાખજો.

બોધપાઠ ૩ જો.

ત્યારપછી સદે તો ઠંડા પાણીથી અથવા સાધારણ

ઊના પાણીથી પોતાનું શરીર ચોળી મેલ કાઢી નાહવાની ટેવ રાખવી. નાહતી વખત એવો વિચાર કરવો કે જેવી રીતે માહરો બાહારનો મેલ કાહાડી નિર્મળ થાઉંછું તેવી રીતે મારૂં મન નિર્મળ કરવાનું છે. એટલે મારે સઘળાને મારા પોતાના આત્માપ્રમાણે સમજી તેમની સાથે હળીમળીને ચાલવાનું છે. અને સઘળા પ્રાણીમાત્રનું ભલું થવાના વિચાર કરવાના છે.

બોધપાઠ ૪ થો.

એવી રીતે નિત્ય નિર્મળતા રાખી પોતાના ઘરમાં દેવસેવાનું એકાંત ઠેકાણું હોય ત્યાં જઇ, સઘળા મનુષ્યપ્રાણીનું ભલું થવાના વિચાંર કરી એકચિત્તથી પોતપોતાના સંપ્રદાયની રિતીપ્રમાણે સંધ્યાવંદન અથવા માળા પૂજા ઇત્યાદી કરવાનો અભ્યાસ આસરે અડધા કલાકસૂધી રાખવો તે સમયે મનના વિચાર બીજી કોઇ વસ્તુમાં નહીં જવા દેવાને સાવધ રહેવું.

બોધપાઠ ૫ મો.

એવી રીતે કર્યાપછી પોતાના વિદ્યાગુરૂએ જે પાઠ તૈયાર કરવા આપ્યો હોય તે એકચિત્તથી વાંચી લખીને તૈયાર કરવાની ટેવ રાખશો તો વિદ્યા વેહેલી

આવડશે. ભણતાં ભણતાં વાત કરવાની ટેવ રાખવી નહીં. એવી રીતે પાઠ તૈયાર કરી, પોતાના ઘરનું રોજનું જે કામ પોતા થકી થઇ શકે, તે ચિત્ત રાખીને કરવાની ટેવ રાખવી. માબાપની આજ્ઞામાં નિરંતર રહી તેમને સદા રાજી રાખવાનો પ્રયત્ન કરવો અને બાલકીઓએ ભોજન ઇત્યાદિની સામગ્રી તૈયાર કરવાને ટેવ પાડવી.

પાઠ ૬ ઠ્ઠો.

ભોજન કરવાનો સમય થયો એટલે નિર્ગુણ ભોજન એટલે ઘણું ખારૂં ખાટું અને તીખું ખાવું નહીં. લસણ કાંદા ઇત્યાદિ અભક્ષ્યવસ્તુ કોઇ દિવસ ખાવી નહીં. ચોખાદાળ, રોટલા રોટલી ઇત્યાદિ સાદું ખાવાથી મન અને શરીરથી સુખી રહેવાયછે નિરંતર મીઠાઇ મેવા ખાવાથી તન અને મન બંને બગડેછે. જમતી વખત મન આનંદમાં રાખી એવો વિચાર કરવો કે આ ભોજનથી મારૂં બાહારનું શરીર બલવાન થાઓ. મારા અંતરના જીણાં શરીરને પણ બલ આવી તેનું પોષણ થાઓ. મારી ઈશ્વરમાં સદ્‌ભક્તિ રહી મારા કલ્યાણ થવાને માર્ગે મારૂં મન જવાને યોગ્ય થાઓ. ભોજન ભૂખ કરતાં કાંઇક ઓછું કરવું

પણ અકરાંત્યાનીપેઠે જમવું નહીં, પાણી પણ જેપ્રમાણે તરસ લાગી હોય તેપ્રમાણેજ પીવું પણ અધિક પીવું નહીં.

બોધપાઠ ૭ મો.

ભોજન કરી રહ્યાપછી આસરે અડધો કલાક આહથી આમ તેમ ફરવું. ત્યાર પછી નિશાળે જવાની નિત્ય ટેવ રાખવી. નિશાળે જતાં માર્ગમાં નઠારાં છોકરાં અથવા છોકરીઓનો સંગ કરવો નહીં, તેમજ રસ્તામાં કોઇ ગાળાગાળી કરતું હોય અથવા તમાસો રમત ઇત્યાદિ થતું હોય તે જોવાનું મન કરવું નહીં, ને ત્યાં ઉભા પણ રહેવું નહીં પણ પાધરા વેળાસર નિશાળે જવું, નિશાળે ગયાપછી પોતાના વિદ્યાગુરૂની આજ્ઞામાં રેહેવું, સોહોરબકોર કરવા નહીં પણ મહેતાજી જે શિખવે તેમાં ચિત્ત રાખી ભણવામાં મન રાખવું, પણ મનને બીજે આડેઅવળે જવા દેવું નહીં, એવી રીતે વિદ્યાભ્યાસ કરવાથી અંતઃકરણ નિર્મળ થઇ વિદ્યા વેહેલી આવડશે.

બોધપાઠ ૮ મો.

નિશાળેથી છૂટ્યા પછી પણ પાધરા ઘેર જવું. સાંજનું હલકું ભોજન કરવું. પછી બની શકે તો

કોઇ વડીલ, ગુણવાન શિક્ષક અથવા ઘરના માણસ-સાથે આશરે એક કલાક બાહાર્ સ્વચ્છ હવામાં ફરવા જવું ત્યાં પણ બીજા વિચાર કરવાની ટેવ નહીં રાખતાં ઝાડ, પાન, ફલ, ફુલ ઇત્યાદિ ઐશ્વર્ય-ની સુંદરતાનું જ્ઞાન મેળવવાને ટેવ પાડવી.

બોધપાઠ ૯ મો.

ઘેર આવ્યા પછી પોતાના ભાઇ ભાંડુ તથા માતાપિતા સાથે મીઠાં વચનોથી પૂર્વેના સદ્ગુણી થઇ ગએલાં મૈત્રા, ગાર્ગી, તેમજ સીતા માતા, દમયંતી તથા સનાતન ધર્મસંપન્ન પાંડવો, નળ ઇત્યાદિ માહાન્ પુરૂષોની કથા વારતા સાંભળવી અને રાત્રે આશરે નવ કલાકે સૂવાની ટેવ રાખવી. સુવા જતાં પહેલાં ઇશ્વરની સ્તુતિ અને ભજન એક ચિત્તથી કરવાની ટેવ રાખવી. જ્યાંસૂધી વિદ્યાર્થીની અવસ્થા છે ત્યાંસુધી કોચ ખાટલા તથા ઘણી નરમ પથારીમાં સુવાની ટેવ પાડવી નહીં.

आश्विन कृष्ण पक्ष २ सोम्य वासरे १९४६.

इति राजर्षिवचनात्.

ॐ । शांतिः शांतिः शांतिः ॥